## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




શુ...યાર મારે બે રાણી આવી ત્યારે સામે, પંજો છક્કો સત્તો કાઢ્યો... અને મારે પંજો છક્કો સત્તો આવ્યો ત્યારે મારી સાળીએ એક્કો રાણી રાજા પાક્કી કાઢી...

# ગીફ્ટ સીટી સ્થિત કંપનીના ત્રણ કર્મચારી સામે ૫.૫૦ કરોડની છેતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ગીફટસીટી ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવતા ત્રણ કર્મચારીઓએ કાવતરુ રચી બીજી કંપની ઉભી કરી ફરજ બજાવતી કંપનીને રૂ.૫.૫૦ કરોડનું નુકશાન કરાવ્યું હતું. તે ઉપરાતં ટ્રાન્સપોર્ટનું કવાટેશન ઉંચાભાવે આપી રૂ.૩૦ લાખની ઉચાપત કરતા ડભોડા પોલીસ મથકે કંપનીના ત્રણ કર્મચારી ઓ સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ જીવરાજ પાર્ક ખાતે રહેતા પ્રણવ દવે સિધ્ધાર્થ લોજીસ્ટીક્સ એફટી ડબલ્યુ ઝેડ પ્રા.લિ.કંપનીમાં મેનેજર તરીકે ચાર વર્ષથી ફરજ બજાવુ છું. સિધ્ધાર્થ લોજીસ્ટ્રીકસ પ્રા.લિ.તેમજ સિધ્ધાર્થ લોજીસ્ટ્રીકસ કુ. પ્રા.લિ. અને સ્માર્ટેજ પ્રોજેકટસ પ્રા.લિ. એમ ત્રણ કંપની આવેલી છે. જેમાં સિધ્ધાર્થ લોજીસ્ટ્રીકસ પ્રા.લિ. અને સ્માર્ટેજ પ્રોજેકટસ પ્રા.લિ.ગીફટસીટી ખાતે કાર્યરત છે. કંપની દરેક વેપારી સાથે બેંકનુ કાર્યક્ષેત્રનું કામ ગીફટસીટીની ઓફિસથી કરે છે. કંપની દેશ-વિદેશ ક્ષેત્રે ડીફેન્સ એન્ડ એરોસ્પેશ કાર્ગોલિસ્જીટકસનુ કામ કરે છે. ભારત દેશમાં કંપનીની ૧૯ ઓફિસ આવેલી છે. જેમાં ૩૦૦ થી વધુ કર્મચારી ફરજ બજાવે છે. સિધ્ધાર્થ લોજીસ્ટ્રીકસ પ્રા.લિ.માં વાસુપાલસિંગ ગોવિંદસીંગ રાણાવત (રહેપ-૪૯-સી ફ્લેટ નં. ૨૦૧ એસજી પ્લાઝા વિનાયક ટેમ્પલ સ્ટ્રીટ બાલાજી પેટા ઈસ્ટ ગોદાવરી આંધ્રપ્રદેશ), તેમજ અબ્દુલ લતીફ (રહે. બી-૭-૭૫૪ ભાલસ્વા, જે.જે.કોલોની સમ્પાપુર દિલ્હી), કંપની વર્ષ ૨૦૧૮ થી કામ કરે છે. રાજેશકુમાર ગોસ્વામી (રહે.હીસ્સાર હરીયાણા) સ્માર્ટેજ પ્રોજેકટસમાં માર્ચ-૨૦૨૦ થી કામ કરે છે. જેમાં વાસુપાલસિંગ રાણાવત કંપનીમાં નોકરીમાં જોડાયા હતા. તેના પહેલા તેઓ દિલ્હી રાજસ્થાન કાર્ગો મુવર્સમાં નોકરી કરતા હતા. ત્યાંથી છુટા થયા બાદ કંપનીમાં સિનિયર કોર્ડીનેટર તરીકે કામ કરતા હતા. ત્રણેય વ્યકિત કંપની જે રીતનુ કામ કરતી હતી,તે રીતનુ કામ નોકરી છોડ્યા પછી પણ ત્રણ વર્ષ સુધી કરી શકે નહી તેવી શરતોના પાલન માટે બંધાયેલા હતા. કંપનીના મહત્વના અને વિદેશી વેપાર ઈઝરાયેલ ખાતે આવેલી ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડરસ્ટ્રીઝ કંપની સાથે થતા હતા.કંપનીનું ઈઝરાયેલ ખાતેના પાર્ટનર આઈસીએલ સાથે રહી ડીફેન્સ એન્ડ એરોસ્પેસ કાર્ગોલોજીસ્ટીક કામ કરવામાં આવતુ હતું.

ત્યારે વાસુપાલસિંગ રાણાવત, અબ્દુલ લતીફ અને રાજેશકુમાર ગોસ્વામી ત્રણેય જણા કંપનીમાં હરીયાણા ખાતે નોકરીમાં કાર્યરત હતા તે સમયે કાવતરુ રચી રણજય લોજીસ્ટ્રીક પ્રા.લિ. નામની કંપની ખોલી તા.૩૦-૬-૨૧ થી ચાલુ કરી તે કંપનીના કવોટેશન વિદેશી વેપારીઓને મોકલી આપી ફરીયાદીની કંપનીને રૂ.૫.૫૦ કરોડનું નુકશાન કરાવી દિલ્હી- રાજસ્થાન કાર્ગો મુવર્સનુ ટ્રાન્સપોર્ટનુ કામ આપી વધુ રકમનુ કવાટેસન મંજુર કરાવી રૂ.૩૦ લાખની ઉચાપત કરી કંપની સાથે છેતરપીંડી આચરતા ડભોડા પોલીસ મથકે ત્રણેય કર્મચારી સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે નાયબ કલેક્ટર પ્રોટોકોલની જગ્યા ભરાઈ છે.
- કલોલ ગ્રામ્ય મામલતદાર અને જનસંપર્ક માલતદારની જગ્યાઓ પર નવનિયુક્ત અધિકારીઓએ ચાર્જ સંભાળ્યો છે.
- સબ રજીસ્ટ્રાર કચેરીમાં છ નવા સબ રજીસ્ટ્રારો આજે હાજર થયા છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં નાયબ મ્યુનિ. કમિશનર તરીકે ગુણવંતસિંહ સોલંકીએ આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૫૨૦ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૭૬૪ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે ૨૪ જેટલા એડીશનલ કલેક્ટરોને તેમના ચાર્જ ઉપરાંત વધારાના હવાલો સંભાળવાના હુકમો આજે કર્યા છે.
- સ્વર્ણિમ સંકુલમાં આજે મુલાકાતીઓ ઓછા નજરે પડ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં તંત્રએ તેની એન્ટી લાર્વેલની કામગીરી સઘન બનાવી.
- ગાંધીનગર જિલ્લામાં ૧૩૦૦ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની ફરિયાદો વધવા પામી છે.
- આજે શ્રાવણના છેલ્લા સોમવારને લઈ વૈજનાથ મહાદેવ વાસણ ખાતે પરંપરાગત મેળો યોજાયો હતો.

# આપનું વીજ કનેક્શન આજે રાત્રે કપાઇ જશે.. જાગતે રહો..!!

ગાંધીનગર, તા.૨૨

શું આપના મોબાઈલ પર કોઈ અજાણ્યાં નંબરથી એવો મેસેજ મળ્યો છે કે જેમાં આપનું અગાઉના મહિનાનું વીજ બિલ અપડેટ થયું ના હોવાથી આપનું ઈલેક્ટ્રિસિટી કનેક્શન આજે રાત્રે ૯.૩૦ કલાકે કપાઈ જશે

તેવી ચેતવણી આપવામાં આવી હોય? જો આપ આવા મેસેજથી ચિંતામાં મુકાયાં હોવ તો ચિંતા છોડી દેજો અને તે મેસેજમાં આપેલાં નંબર પર ભૂલથી પણ કોલ કરતાં નહીં કેમકે આ એક ઓનલાઈન ફ્રોડ કરતાં ઠગો દ્વારા અપનાવાયેલી છેતરપીંડીની એક નવી પદ્ધતિ છે.

ભારત સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા દરેક વ્યક્તિના બેંક ખાતાને આધાર કાર્ડ સાથે લિંક કરવામાં આવ્યું છે. બીજી તરફ જ્યારથી નાગરિકોના હાથમાં સસ્તા ઈન્ટરનેટ સાથે સ્માર્ટફોન આવી ગયાં બાદ શરૂ થયેલા મોબાઈલ બેંકિંગના યુગમાં ઓનલાઈન ફાઈનાન્શિયલ ફ્રોડની ગુનાખોરી વધી જવા પામી છે.

ઓનલાઈન છેતરપિંડી કરવા માટે ગઠિયાઓ નીત નવા કિમીયા અજમાવે છે અને ભોળા નાગરિકોને ફસાવી તેમના બેંક ખાતાંમાંથી નાણાંની ઉચાપત કરી લે છે. અત્યારે સોશિયલ મીડિયા પર એક ટેક્સ્ટ મેસેજ ખૂબ વાઈરલ થઈ રહ્યો છે જેમાં "તમારું અગાઉના મહિનાનું ઈલેક્ટ્રિસિટી બિલ અપડેટ થયું નથી તેથી તમારું વીજ કનેક્શન રાત્રે ૯.૩૦ કલાકે કપાઈ જશે માટે સત્વરે ઈલેક્ટ્રિસિટી ઓફિસરનો એક મોબાઈલ નંબર આપેલો હોય છે જેને ડાયલ કરીને સંપર્ક કરવો" તે પ્રકારનો મેસેજ હોય છે. આ મેસેજ વાંચીને કોઈ પણ નાગરિક પહેલાં તો ચિંતામાં આવી જાય.

ચિંતામાં ગરકાવ થયેલાં ભોળા નાગરિકો મેસેજની ખરાઈ કર્યા વગર જ મેસેજમાં આપેલાં નંબર પર ફોન કરે એટલે તે ભોળા નાગરિકને સામે લાઈન પર બેઠેલો ગઠિયો વાતોમાં ભરમાવી બીવડાવીને પછી તેની સમસ્યા ફોન પર ઉકેલવાની લાલચ આપીને વ્યક્તિના આધાર કાર્ડની વિગત મેળવી તેનો ઓનલાઈન બેંકિંગ પાસવર્ડ કે પીન નંબર અથવા ઓટીપી મેળવીને છેતરીને તેના ખાતાનાંથી નાણાંની ઉચાપત કરી લેવામાં આવે છે.

આ મેસેજના ઉપયોગથી કરવામાં આવતી એક છેતરપીંડીની મોડસ ઑપરેન્ડી કેટલાંક જાગૃત નાગરિકો દ્વારા ચકાસી લેવામાં આવતા હવે તે અંગે સોશિયલ મિડીયામાં તેનાથી ભોળા નાગરિકોને બચાવવા જાહેર હિતમાં ખુલ્લી પાડવામાં આવી રહી છે જે અંગેના જાગૃતિ મેસેજ પણ શહેરના સોશિયલ મિડીયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યાં છે અને ઓનલાઈન ફ્રોડ સામે સોશિયલ મિડીયા જ સુરક્ષાનું હથિયાર બની રહ્યું છે.

# અડાલજ હોટલ વીલી પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૨

અડાલજ હોટલ વીલી આગળ રોડ ઉપર પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. હીરો સ્પ્લેન્ડર બાઈક ચોરી થઈ જતા યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વાસણા હડમતીયા શ્રી રંગ પાર્ક સોસાયટી મકાન નં.૮ ખાતે રહેતા પ્રતિક સુરેશભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને ચાંગોદર ઈન્ટાસ કંપનીમાં ફીટર તરીકે છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. યુવક પાસે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૨.બી.એફ.-૬૫૫૭ હતું. જેનો ઉપયોગ કામ અર્થે આવવા જવા માટે શખ્સ કરતો હતો. ગત તા.૧૮ ઓગસ્ટના રોજ બપોરના આશરે એક વાગે બાઈક લઈને અડાલજ હોટલ વીલી આગળ રોડ પર પાર્ક કરી કંપનીની ગાડીમાં ઓફિસ ગયો હતો અને તા.૧૯ ઓગસ્ટના રોજ રાત્રીના આશરે સાડા બાર વાગે બાઈક લેવા માટે જતા તે મળી આવ્યું ન હતું. ત્યારબાદ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે તપાસ કરતા આજદિન સુધી બાઈક મળી ન આવતા અડાલજ પોલીસ મથકે બાઈક ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવી છે.



સરકારી કર્મચારીઓના આવાસ માટે ઉપયોગમાં લેવાતા ઘણા સરકારી મકાનો સાવ ખંડેર બની ગયા છે. આવા ખંડેર મકાનોને પાડી દઈ નવી ડિઝાઈન અને સુવિધા સાથેના હાઈરાઈઝ સરકારી મકાનો બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. આ કામગીરી અંતર્ગત સેક્ટર-૧૨ના જૂના સરકારી આવાસોને તોડવાની કામગીરી હાલમાં ચાલી રહી છે.

# ગાંધીનગર સાયબર ક્રાઈમના જાપ્તામાંથી ચેતન પટેલ ફરાર

ગાંધીનગર, તા.૨૨

ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવી ૧૧ સીમકાર્ડ ખરીદી કોઈ મોટા ગુનાને અંજામ આપે તે પહેલા જ સુરત અને મુળ મુંબઈના જુનાગઢના બે માસ્ટર માઈન્ડ શખ્સોને સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા દબોચી લેવામાં આવ્યો હતો. ત્યારે આ ગુનાનો ભેજાબાજ મુંબઈનો ચેતન પટેલ ગાંધીનગર સાયબર ક્રાઈમની કચેરીથી જાપ્તાના કોન્સ્ટેબલની મદદથી ફરાર થઈ જતા હોહા મચી ગઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમને ઈમેલથી ખાનગી રાહે બાતમી મળી હતી કે બે શખ્સો ખોટા આધારકાર્ડ ની મદદથી ૧૧ જેટલા વોડાફોનના સીમકાર્ડ ખરીદીને મોટા ગુનાને અંજામ આપવાની ફિરાકમાં છે. જેને પગલે મોબાઈલ નંબરો અને કોલ ડીટેઈલની તપાસમાં વિપુલ ધીરૂભાઈ માંગરોલીયા (પટેલ)અને ચેતનભાઈ રમેશલાલ માંગરોલીયા (પટેલ, રહે, ગામ-ચાપરડા તા-વિસાવદર જુનાગઢ) ના નામ ખુલ્યા હતા. જયારે આરોપીઓ પુણે ખાતે હોવાની બાતમી મળી હતી. જે અન્વયે સાયબર ક્રાઈમ સેલના પીએસઆઈ એસ.એ.ગઢવી, તેમજ ત્રણ પોલીસ માણસો સાથેની એક ટીમ તપાસ અર્થે પુણે મહારાષ્ટ્ર ગઈ હતી. જો કે ચેતન પટેલ મળી ન આવતા પુણેના હવેલી પોલીસ મથકને વોચ રાખવા કહેવામાં આવ્યું હતું. જયારે વિપુલ માંગરોલીયાને ઉઠાવી લઈ પુછપરછ કરતા ચેતન સાથે મળીને ડુપ્લીકેટ આધારકાર્ડથી મોબાઈલના સીમકાર્ડ ખરીદી કર્યા હતા. બંને યુવકો સામે સીઆઈડી સાયબર ક્રાઈમમાં ગુનો નોંધી વિપુલ ના રિમાન્ડ પુર્ણ થતા તેને જયુડીશીયલ કસ્ટડીમાં મુકવામાં આવ્યો હતો. બીજીતરફ ચેતન પટેલને પોલીસે પકડી પાડ્યો હતો. ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલની ટીમ તેને ગાંધીનગર સેકટર-૧૦ કર્મયોગી ભવન સાયબર ક્રાઈમ સેલ કચેરીએ લઈ આવી હતી.તે સમયે જાપ્તામાં સાયબર સેલના કોન્સ્ટેબલ વિક્રમસિંહ ભમ્મરસિંહ રાઠોડ નોકરી હતી. ત્યારબાદ ચેતન માંગરોલીયા (મજુર્વતી, પુણે મુંબઈ, મુળ રહે-ચાંપરડા તા.વિસાવદર, જી-જુનાગઢ),ની વિધીવત ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે જાપ્તાના કોન્સ્ટેબલ વિક્રમસિંહને આરોપી રીઢો ગુનેગાર હોવાથી તકેદારી રાખવા માટે સુચના આપી લાંબી મુસાફરી કરી પુણેથી પરત ફરેલી ટીમ ફ્રેશ થવા માટે ગઈ હતી. તે દરમિયાન ગઈકાલે વહેલી સવારે ચેતન પટેલ જાપ્તામાંથી ગાંધીનગર સાયબર ક્રાઈમ સેલની કચેરીથી ભાગી ગયો હતો. બનાવની જાણ થતા વિવિધ ટીમોએ ચેતન પટેલની શોધખોળ આદરી હતી. પરંતુ આજે બીજા દિવસે પણ મળી ન આવતા સાયબર ક્રાઈમ સેલના પીઆઈ એન.કે.ડામોર દ્વારા આરોપી ચેતન પટેલ અને કોન્સ્ટેબલ સામે ગુનો નોંધાવ્યો છે.



ઘ-૨ કોર્નર પાસે પાણીની પાઈપલાઈનમાં મોટુ લીકેજ સર્જાયુ છે. આ લીકેજના કારણે પાણી રસ્તા પર વહી રહ્યુ છે. જેના કારણે વાહનચાલકોને તકલીફ પડી રહી છે.

# મધુર ડેરી દ્વારા છાલા ખાતે આયુર્વેદિક કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરી દ્વારા આયોજીત સ્વાસ્થ્ય અભિયાન અન્વયે આયુર્વેદિક કેમ્પ ગાંધીનગર તાલુકાના છાલા મુકામે યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં દૂધ મંડળીના ચેરમેન મનુભાઈ પટેલ, સેવા સહકારી મંડળીના ચેરમેન, સરપંચ મેઘનાબેન, તાલુકા મહામંત્રી લાલભાઈ, કેળવણી મંડળના પ્રમુખ ચેલાભાઈ પટેલ, જશુભાઈ ચૌધરી-દશેલા, રમેશભાઈ ચૌધરી-ગિયોડ, વિષ્ણુભાઈ ચૌધરી, ડાહ્યાભાઈ ચૌધરી-માતાપુરા, દૂધ મંડળીના મંત્રી અશોકભાઈ ચૌધરી, દૂધ મંડળીના પૂર્વ મંત્રી નાથુભાઈ ચૌધરી, ડોક્ટર્સની ટીમ તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. આ કેમ્પમાં ડોક્ટરની ટીમ અને મધુર ડેરીની ટીમ દ્વારા કેમ્પમાં હાજર રહેલા આજુબાજુના ગ્રામજનોને ઈમ્યુનિટી કીટનું વિનામુલ્યે વિતરણ અને ઉકાળાનું પણ સેવન કરાવવાનું સુંદર આયોજન કર્યુ હતુ. કેમ્પની સાથે સાથે મધુર ડેરી દ્વારા ગામડાઓમાં મધુરની પ્રોડક્ટ સાથે ગ્રોસરી જીવન જરૂરિયાતની વસ્તુઓ ગામ-બહાર ગયા વગર ઘરઆંગણે ગામમાં જ મળી રહે તે માટે સૌ પ્રથમ છાલા ગામમાં ફેન્ડી ગૃપના સંયુક્ત સહયોગથી સહકાર સેતુ મધુર મેગા-મોલનું ગામના સરપંચ તાલુકા ડેલીગેટ, મહામંત્રી, સહકારી



આગેવાનો અને વડીલોની હાજરીમાં ઉદ્ઘાટન કરી છાલા અને આજુબાજુના ગ્રામજનોના લાભાર્થે ખુલ્લુ મુકવામાં આવ્યું અને આ બન્ને કાર્યક્રમો સફળતાપૂર્વક પરિપૂર્ણ થયા હતા. ગ્રામજનો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.

# ગાંધીનગર સિવિલ સોમવારે દર્દીઓથી ઉભરાઈ : ૨૫૦૦ કેસ નીકળ્યા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે રેકોર્ડ બ્રેક કેસ નીકળ્યા છે.

સામાન્ય દિવસોમાં ઓપીડીના કેસની સંખ્યા ૧૫૦૦ થી ૧૬૦૦ છે. જયારે આજે અઢી હજાર જેટલા કેસ નીકળતા દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. સિવિલની કેસ બારી, દવાબારી અને ઓપીડીમાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી હતી. જયારે ૪૫૦ થી વધુ કેસ મેડીસીન ઓપીડીના નોંધાયા હતા. તો બીજીતરફ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ફીવર ઓપીડીમાં પણ ૧૦૪ જેટલા કેસ નીકળ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં હાલ મચ્છરજન્ય-પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. મેલેરીયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ, કોરોના ઝાડા-ઉલ્ટીના દર્દીઓ પણ જોવા મળી રહ્યા છે. શહેરમાં ચોમાસાની ગંદકી વચ્ચે અખાદ્ય ચીજોની રેકડીઓ પણ રોગચાળાને નિમંત્રણ આપી રહી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે મચ્છરોને પગલે તાવ, માથુ દુખવુ, શરદી-ખાંસી, શરીરમાં કળતર થવી સહિત દર્દીઓ પણ નોંધનીય છે. ત્યારે શહેરમાં બિમારીને પગલે મોડીરાત સુધી દવાખાના ધમધમી રહ્યા છે. દર્દ થી કણસી રહેલા દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે.

ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ મેડીસીન વોર્ડના દર્દીઓની સંખ્યા વધતા નવા વોર્ડ ઉભા કરાયા છે તે પણ હાઉસફુલ થઈ ગયા છે. સામાન્ય દિવસોમાં સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં ૧૫૦૦ થી ૧૬૦૦ જેટલા કેસ નીકળતા હોય છે. પરંતુ રોગચાળાની સ્થિતિ વચ્ચે આજે સિવિલમાં ૨૫૦૦ જેટલા કેસ નીકળ્યા છે.

જેમાં સૌથી વધુ મેડીસીન ઓપીડીના ૪૫૦ જેટલા કેસ નોંધાયા હતા. તો બીજીતરફ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોર પર કાર્યરત તાવની ઓપીડીમાં ૧૦૪ જેટલા કેસ નીકળયા હતા. સિવિલમાં તાત્કાલીક વિભાગ થી લઈ ઓપીડીમાં કેસ બારી,દવાબારી અને વિવિધ વિભાગની ઓપીડીમાં પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી હતી.

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર તાલુકા ટીમના વિવિધ ૩૪ હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર તાલુકા ટીમના નવોદિત હોદ્દેદારોમાં ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ગોવિંદજી હીરાજી સોલંકીની આગેવાની હેઠળ તાલુકા ગાંધીનગરની ટીમના હોદ્દેદારોમાં પ્રમુખ, ૪ ઉપપ્રમુખ, ૪ મહામંત્રી, ૧ મંત્રી, ૧ સહમંત્રી, ૧ આર્થિક મંત્રી, ૧૩ સંગઠનમંત્રી, ૧ શિક્ષણમંત્રી, સરપંચ સલાહકાર, ૧ ધાર્મિક મંત્રી, ૧ આઈટી સેલ, ૧ મિડિયાસેલ, ૩ સંઘર્ષમંત્રી અને એક કાર્યાલયમંત્રી કુલ ૩૪ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં વિરસંગ બી. ચૌહાણ-પ્રમુખ, અશોકજી એ. ખાંટ-ઉપપ્રમુખ, મહાદેવજી જી. ઠાકોર, પુન્દ્રાસણ-ઉપપ્રમુખ, ગનીભાઈ ઠાકોર-મોટેરા-ઉપપ્રમુખ, દિલીપજી કાંતિજી ઠાકોર-મહામંત્રી, પ્રવિણસિંહ ઠાકોર-ઉવારસદ-મહામંત્રી, ટીનાજી આર. સોલંકી-મહામંત્રી, લાલસિંહ કે. ઠાકોર-મહામંત્રી, જનકસિંહ પી. ડાભી-મંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લામાં ૪૦ હજાર પશુઓનું રસીકરણ કરાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ અને દેલવાડ ગામના પાંચ પશુઓમાં લમ્પીના શંકાસ્પદ ચિન્હો જોવા મળ્યા હતા. પાંચેય પશુઓને પ્રાથમિક અસર હતી. જેમને યોગ્ય સારવાર આપવામાં આવી છે. હાલમાં આ પાંચેય પશુઓ તંદુરસ્ત છે. જિલ્લામાં ૪૦ હજાર પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. લમ્પી નામના રોગથી પશુઓને બચાવવા માટે પશુપાલકોને મનીરલ મિક્ષર પાઉડર પશુઓને ખવડાવવા માટેની ભારપૂર્વક અપીલ જિલ્લા પશુપાલન અધિકારીશ્રીએ કરી છે.

જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.આઇ.પટેલે જણાવ્યું છે કે, માણસા તાલુકાના અંબોડ અને દેલવાડ ગામના ૫ પશુઓમાં લમ્પી રોગના શંકાસ્પદ ચિન્હો જોવા મળ્યા હતા. અંબોડ ગામના દિલીપસિંહ ચાવડાની એક ગાયને તા. ૧૭મી ઓગસ્ટના રોજ શંકાસ્પદ ચિન્હો દેખાતા તેને જરૂરી સારવાર આપવામાં આવી હતી. આજુબાજુના ૩૦૦ પશુઓનું જરૂરી વેક્સિનેશન કરવામાં આવ્યું હતું. દેલવાડ ગામમાં શૈલેષભાઈ પટેલની એક ગાયને અઠવાડિયા પહેલા શંકાસ્પદ ચિન્હો જણાયા હતા. ગાયને યોગ્ય સારવાર આપવામાં આવી હતી. આસપાસમાં રહેતા ૧૦૦





પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. દેલવાડના અરવિંદ ભાઈ પટેલ અને મંગાજી ઠાકોરની એક- એક ગાયમાં સામાન્ય શંકાસ્પદ ચિન્હો જણાતાં તે બન્ને પશુને યોગ્ય સારવાર આપવામાં આવી હતી. ગામના અન્ય ૨૦૦ પશુઓનું તા. ૨૦મી ઓગસ્ટરના રોજ રસીકરણ કરવામાં આવ્યું છે. હાલમાં આ તમામ પશુઓ તંદુરસ્ત છે. બન્ને ગામમાં અન્ય કોઈપણ પશુઓમાં આ રોગની અસર નથી. પશુપાલન અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝની અસર પશુઓમાં ન ફેલાય તે માટે કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી જિલ્લામાં ૪૦ હજાર પશુઓમાં રસીકરણની કામગીરી કરવામાં આવી છે.

તેમજ લમ્પી અંગેની જનજાગૃત્તિ લાવવા જિલ્લાના તમામ ગામમાં કેમ્પો યોજવામાં આવ્યા છે. આ કેમ્પ દરમ્યાન રોગના લક્ષણો, રોગ કેવી રીતે ફેલાય છે, તેને રોકવા શું તકેદારી રાખવાની છે, જેવી અનેક બાબતોની પશુપાલકોને જાગૃત કરવામાં આવ્યા છે. લમ્પી નામના રોગની અસર પશુઓમાં ૨૦થી ૨૫ દિવસે દેખાય છે. પશુઓના લે-વેચ પર રોક લગાવવામાં આવી છે.

## નામ બદલેલ છે

મારી પુત્રીનું નામ ક્રિયા મહેશકુમાર પ્રજાપતિ હતું એની જગ્યાએ ક્રિયા મહેશભાઈ પ્રજાપતિ રાખેલ છે.
સરનામું : 7/TF/2, હરિધામ એન્કલેવ, કુડાસણ, ગાંધીનગર